

# કેન્સર વિષેની
# હકીકત જાણો
# અને
# તેનો ડર દુર કરો.



ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
ગુજરાત કેન્સર સોસાયટી

# કેન્સર થવા માટેનું કારણ હજુ શોધાયું નથી.

**ખોટી માન્યતા**

કરો જીવનશૈલીમાં ફેરફાર...
કેન્સર ને મોકલો પેલે પાર...




**હકીકત**

આધુનિક જીવનશૈલી, વિવિધ પ્રકારનાં પ્રદુષણ, વ્યસન
અને અમુક ખાદ્ય પદાર્થોના સેવનથી
કેન્સર થવાનો ભય ચોક્કસ જ રહે છે.

# કેન્સર એટલે કેન્સલ.

**ખોટી માન્યતા**









**હકીકત**

કેન્સર એટલે કેન્સલ ત્યારે જ થાય,
જ્યારે કેન્સરની યોગ્ય અને
સમયસર સારવાર ન થાય.

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
ગુજરાત કેન્સર સોસાયટી

## કેન્સર ફક્ત ઘરડાં માણસોને જ થાય છે.

**ખોટી માન્યતા**



**હકીકત**

## કેન્સર કોઈપણ આયુમાં થઈ શકે છે.
## કેન્સરને ઉંમર અને જાતિનો બાધ નથી.

**ખોટી માન્યતા**

## કેન્સરનું વહેલું નિદાન શક્ય નથી.







**હકીકત**

મોટા ભાગના કેન્સરમાં વહેલું નિદાન શક્ય છે.
જેના માટે નિયમીત હેલ્થ-ચેકઅપ
કરાવવું સલાહભર્યું છે.

# બાયોપ્સી કરવાથી કેન્સર વધુ વકરે છે.

**ખોટી માન્યતા**



**હકીકત**

બાયોપ્સી કરાવવાથી કેન્સરનું નિદાન શક્ય બને છે.
અને તે કયા પ્રકારનું છે તે જાણવા મળે છે.
આમ બાયોપ્સી સારવાર માટે મદદરૂપ બને છે.

# રેડીયોથેરાપી (શેક) રોગને ફેલાવે છે.

**ખોટી માન્યતા**



**હકીકત**

રેડીયોથેરાપી કેન્સરને મટાડવાની અને
વધતું રોકવાની એક સારવાર છે.

# કિમોથેરાપી હંમેશા પીડાદાયક હોય છે અને તેની ઘણી આડઅસરો હોય છે.

**ખોટી માન્યતા**



**હકીકત**

કિમોથેરાપીની આડઅસર માત્ર સારવાર દરમ્યાન રહે છે,
ત્યારબાદ યોગ્ય આહાર અને દવાઓથી
આડઅસરને કાબુમાં રાખી શકાય છે.

## પર્યાયલક્ષી સારવાર ઉપલબ્ધ છે,
## નુકસાનરહિત છે અને બિનઝેરી છે.

**ખોટી માન્યતા**




**હકીકત**

કોઈપણ રોગમાં જે પણ દવા કરો, તેની રોગ પર અસર થવી જરૂરી છે. બીજી કોઈ દવા વૈજ્ઞાનિક રીતે કેન્સર માટે પુરવાર થઇ નથી.

## કેન્સરની સારવાર ખુબ ખર્ચાળ હોવાથી સામાન્ય માણસ તે કરાવી શકતો નથી.

**ખોટી માન્યતા**




**હકીકત**

કેન્સર (ગવર્નમેન્ટ) હોસ્પીટલમાં સામાન્ય માનવીને પોસાય તેવી સારવાર, સરકારની અનેક યોજનાઓ અંતર્ગત ઉપલબ્ધ છે.

**ખોટી માન્યતા**

**ખુબ જ આગળ વધી ગયેલા કેન્સરમાં દર્દીને કોઈ જ પ્રકારની સારવાર આપવી શક્ય નથી.**



**હકીકત**

**કેન્સરના અંતિમ તબક્કા સુધી પેલિએટીવ કેર દ્વારા દર્દીની તથા કુટુંબીજનોની સમસ્યાઓને લક્ષ્યમાં રાખીને દર્દીના જીવનની ગુણવત્તા સુધારી શકાય છે.**

# આપણે કેન્સર વિષે વાત કરવાની જરૂર નથી.

**ખોટી માન્યતા**



**હકીકત**

કેન્સર ચર્ચા કરવા માટે મુશ્કેલ વિષય બની શકે છે,
ખાસ કરીને કેટલીક સંસ્કૃતિઓ તથા વ્યવસ્થામાં.
પણ આ રોગ વિશે જાહેરમાં મુક્તપણે ચર્ચા કરવાથી
વ્યક્તિગત, સામુહિક અને નીતિસ્તરે પરિણામો સુધારી શકાય છે.

# કેન્સરની સારવાર રાજ્ય અથવા દેશની બહાર જ સારી થાય છે.

**ખોટી માન્યતા**





**હકીકત**


ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ ખાતે આ બધાં જ પ્રકારની અદ્યતન સારવાર ઉપલબ્ધ છે.

# કેન્સરનાં કોઈ ચિહ્નો કે લક્ષણો હોતાં નથી.

**ખોટી માન્યતા**








**હકીકત**

ઘણાં કેન્સર માટે ચેતવણીરૂપ ચિહ્નો અને લક્ષણો હોય છે. તેનું વહેલામાં વહેલું નિદાન ફાયદાકારક છે.

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
ગુજરાત કેન્સર સોસાયટી


## હું કેન્સર વિષે કશું જ કરી શકું તેમ નથી.

**ખોટી માન્યતા**









**હકીકત**

વ્યક્તિગત અને સામુહિક સ્તરે ઘણું બધું થઈ શકે છે.
યોજનાબધ્ધ સારવારથી પ્રાથમીક થી ત્રીજા તબક્કાના
કેન્સરને વધતું અટકાવી શકાય છે.

# કેન્સરની સારવાર માટે મને કોઈ અધિકાર નથી.

**ખોટી માન્યતા**



**હકીકત**

બધાં જ લોકોને કેન્સરની સારવાર અને
સેવાઓ મેળવવાનો સમાન અધિકાર છે અને
તે પણ પરિણામમાં સહેજપણ બાંધછોડ કર્યા વગર!

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
ગુજરાત કેન્સર સોસાયટી

# કેન્સર ક્યારેય મટી શકે નહીં.

**ખોટી માન્યતા**




**હકીકત**

કેન્સરનું સમયસર નિદાન કરી તેનાં પ્રકાર અને તબક્કા જાણી જરૂરી સારવાર કરાવવાથી કેન્સર ચોક્કસ મટી શકે છે.

ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ
ગુજરાત કેન્સર સોસાયટી

## ખોટી માન્યતા

# કેન્સર હંમેશાં પીડાદાયી હોય છે.




## હકીકત

શરૂઆતના તબક્કે કેન્સરમાં પીડા થતી નથી.
કેન્સરના દુઃખાવામાં રાહત મેળવવા માટે
ઘણી દવાઓ અને સારવાર ઉપલબ્ધ છે.

**ખોટી માન્યતા**

## કેન્સર ચેપી છે.



**હકીકત**

ના ! કેન્સર ચેપી રોગ નથી.

દા.ત. ટી.બી., એઈડસ, ન્યુમોનિયા
વગેરે ચેપી રોગો છે.

# કેન્સર વારસાગત છે.

**ખોટી માન્યતા**



**હકીકત**

ખુબ જૂજ / અમુક કેન્સર જ વારસાગત હોય છે
અને તે જવલ્લે જ થાય છે
મોટા ભાગના કેન્સર વારસાગત નથી.